ગાંધીનગર સમાચાર

પૂર્વ સૈનિકોનું સ્નેહ સંમેલન રવિવારે યોજાશે

# ઘ-રોડ પર શિક્ષિકાનો દોરો ખેંચાયો

## ધોળે દિવસે પલ્સર બાઈક પર આવેલા બે શખ્સો ઘ માર્ગ પર સ્કુલેથી પેથાપુર સ્કુટી લઈને જતી શિક્ષિકાનો દોરો લુંટી ગયા

ગાંધીનગર, તા.૬

શહેરના ઘ-૬ થી પેથાપુર પોતાના ઘર તરફ શાળા છુટયા બાદ સ્કુટી લઈને શિક્ષિકા જઈ રહી હતી ત્યારે રસ્તામાં સે-૨૮ના બગીચાની સામે ઘ માર્ગ પર ધૂમ સ્પીડે પલ્સર બાઈક પર બે શખ્સો આવ્યા હતા. પાછળથી આવલા બંને શખ્સ સ્કુટી પાસે બાઈક લઈ ગયા અને શિક્ષિકાના ગળામાં હાથ મારીને બે તોલા વજનનો સોનાનો દોરો લુંટી પલ્સર પર રફફુચક્કર થઈ ગયા હતા સે-૨૧ પોલીસે શિક્ષિકાની ફરિયાદના આધારે ગુનો દાખલ કરીને લુંટારૂઓના વર્ણનને આધારે તપાસ શરુ કરી છે.

પેથાપુર ખાતે લક્ષ્મી-૨ સોસાયટીમાં રહેતા અને શાળામાં શિક્ષિકા તરીકે સેવા આપતા શશીકુમારી અનુજકુમાર શ્રી રામેશ્વરસિંગ આજે બપોરે એક વાગ્યે શાળાએથી છુટયા બાદ તેમનું સ્કુટી લઈને ઘરે જવા નીકળ્યા હતાં. ઘ માર્ગ પર નીકળેલા શિક્ષિકા સે-૨૮ ગાર્ડન સામે પહોંચ્યા ત્યાં પાછળથી એક પલ્સર બાઈક પર ડબલ સવારી આવેલા શખ્સો તેમની નજીક આવ્યા અને ચાલુ વાહને જ પલ્સર પાછળ બેઠેલા શખ્સો શિક્ષિકાના ગળામાં હાથ માર્યો હતો. સોનાનો આશરે બે તોલા વજનનો રૂ. ૪૦ હજારની કિંમતનો સોનાનો દોરો લુંટી લઈ પલ્સર પર બંને શખ્સો રફફુચક્કર થઈ ગયા હતા. શિક્ષિકાએ બુમાબુમ કરતાં ટોળું ભેગું થઈ ગયું હતું. પરંતુ ત્યાં સુધીમાં ચેઈન સ્નેચર્સ ભાગી છુટયા હતા. પોલીસને ઘટનાની જાણ કરતા પોલીસે નાકાબંધી કરી પરંતુ કોઈ હાથમાં આવ્યું ન હતું. સે-૨૧ પોલીસે શશીકુમારીની ફરિયાદ લઈ ગુનો દાખલ કરી પીએસઆઈ બી.કે. અસારીએ વધુ તપાસ શરુ કરી છે.



## @ગાંધીનગર

● ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા સાંજે ૪ કલાકે સેકટર-૨૨, સ્વસ્તિક કોમ્પ્લેક્ષના બીજા માળે સમાજની કાર્યવાહક સમિતિની બેઠક યોજાશે.

● સેકટર-૧૭, ટાઉનહોલ ખાતે ગુજરાત સ્ટેટ પ્લાસ્ટિક મેન્યુફેકચર એસોસિએશનનો કાર્યક્રમ યોજાશે.

● સિવિલ હોસ્પિટલના કંપાઉન્ડમાં મેડીકલ કોલેજના ઓડિટોરિયમ ખાતે ૪૩મી વાર્ષિક રાષ્ટ્રીય કોન્ફરન્સનું સવારે ૧૦ કલાકે ઉદઘાટન થશે.

● ગોપી મહિલા મંડળ તથા વસાહત મંડળ સે-૧૩-સી દ્વારા આયોજિત કથાના સાતમા દિવસે સાંજે ૫ કલાકે ગોવર્ધન ઉત્સવનો કાર્યક્રમ યોજાશે.

● દિવ્ય જીવન સંઘ તથા રાત્રી શકિતપીઠના સંયુકત ઉપક્રમે સવારે ૭ કલાકે સે-૧, ગાયત્રી શકિતપીઠ ખાતે યોગ ધ્યાન શિબિર યોજાશે.

● રાજપૂત સમાજ ગાંધીનગર દ્વારા સવારે ૬.૩૦ થી ૭.૩૦ કલાક દરમિયાન સે-૧૨ રાજપૂત ભવન ખાતે યોગાસન શિબિર યોજાશે.

- નજાહખાનમ સૈયદ

## તપોધન બ્રાહ્મણ પ્રગતિ મંડળનો સ્નેહમિલન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર તપોધન બ્રાહ્મણ પ્રગતિ મંડળ દ્વારા રવિવારે સવારે ૯ કલાકે સેકટર-૧૬, સમસ્ત બ્રહ્મસમાજ વાડી ખાતે મંડળના સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં સમાજના તેજસ્વી તારલાઓને, નિવૃત્ત થનાર કર્મચારીઓને તેમજ બઢતી મેળવનાર કર્મચારીઓને સન્માનવામાં આવ્યા હતા. ઉમંગભાઈ રાવલ દ્વારા તમામ વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરાયા હતા.

આ કાર્યક્રમમાં ગુડાના ચેરમેન આશીષભાઈ દવેએ સમાજના બાળકો ઉત્તરોત્તર પ્રગતિ કરે અને સમાજ વિકાસ તરફ આગળ વધે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી તેમજ સમાજના પ્રમુખ બીપીનભાઈ રાવલે પણ પ્રસંગના વિષય અંતર્ગત વકતવ્ય આપ્યું હતું. આ કાર્યક્રમમાં સમાજના પરિવારો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા તેમજ કાર્યક્રમના અંતે જયંતિભાઈ રાવલે ઉપસ્થિત તમામનો આભાર વ્યકત કર્યો હતો. સમગ્ર કાર્યયક્રમનું સંચાલન મંત્રી મુકેશભાઈ રાવલે કર્યું હતું.

# સમર્પણ કોલેજના ખેલાડીને રાષ્ટ્રીય કક્ષાએ સુવર્ણ ચંદ્રક

## ઑલ ઈન્ડિયા જી.વી. માવલંકર શુટીંગ સ્પર્ધામાં રૂદ્રસિંહ રાજપૂતનો ૨૫ મીટર સ્ટાન્ડર્ડ પિસ્તોલમાં ગોલ્ડ મેડલ : કોલેજના બે ખેલાડીઓની રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરના સે-૮ની સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના ખેલાડીઓ રૂદ્રાક્ષસિંહ રાજપૂત અને રૂદ્રસિંહ રાજપૂત દ્વારા શુટીંગની રમતમાં રાષ્ટ્રીય કક્ષાએ ઝળકી કોલેજ તથા શહેરનુંનામ રોશન કરાયુંછે. તાજેતરમાં પશ્ચિમ બંગાળના આસનોલ ખાતે યોજાયેલ ૨૫મી ઑલ ઈન્ડિયા જી.વી. માવલંકર શુટીંગ સ્પર્ધામાં રૂદ્રાક્ષસિંહ રાજપૂતે ૨૫ મીટર સ્ટાન્ડર્ડ પિસ્તોલમાં ગોલ્ડ મેડલ મેળવ્યો છે.

રાષ્ટ્રીય કક્ષાએ નવી દિલ્હી ખાતે યોજાયેલ ૫૯મી નેશનલ શુટીંગ સ્પર્ધામાં પણ રૂદ્રસિંહ રાજપૂત અને રૂદ્રાક્ષસિંહ રાજપૂતની ૫૦ મીટર ફ્રી પિસ્તોલમાં નેશનલ અને પ્રિ-નેશનલ ઈવેન્ટમાં ઈન્ટરનેશનલ શુટીંગ સ્પોર્ટસ ફેડરેશન દ્વારા પસંદગી કરાઈ છે. આ ઉપરાંત ૧૦ મીટર એર પિસ્તોલ ઈવેન્ટ માટે પણ તેમનું સીલેકશન કરવામાં આવ્યું છે. તાજેતરમાં ગુજરાત યુનિવર્સિટીની યોજાયેલ શુટીંગ સ્પર્ધામાં પણ ઉત્કૃષ્ઠ દેખાવ કરતા રૂદ્રસિંહ રાજપૂતે દ્વિતિય અને રૂદ્રાક્ષસિંહ રાજપૂતે તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. અને વારાણસી ખાતે યોજાનાર ઑલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટીની ટીમમાં પસદંગી પામ્યા છે. બંને ખેલાડીઓની ઉત્કૃષ્ટ રમતને કોલેજના મેનેજીંગ ટ્રસ્ટી કેમ્પસ ડાયરેકટર ડૉ. કિશોરસિંહ સોલંકી, આચાર્યા ડૉ. ઋતાબેન બ્રહ્મભટ્ટ, ડીપીઈ પ્રાધ્યાપક મહેન્દ્રભાઈ મોડીયા તથા સમગ્ર કર્મચારી ગણ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે અને બંને ખેલાડીઓને દેશનું નામ રોશન કરે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.



# પૂર્વ સૈનિકોનું સ્નેહ સંમેલન રવિવારે યોજાશે

ગાંધીનગર, તા.૬

ધી ગાંધીનગર માજી સૈનિક કલ્યાણ મંડળ ગાંધીનગરના પૂર્વ સૈનિકો-શહીદ જવાનોની વિધવાઓ અને તેમના પરિવારના કલ્યાણ અર્થે કાર્ય કરતી સામાજિક, બીન રાજકીય, બીન ધંધાદારી સંસ્થા છે. જેનો ૨૯મો વાર્ષિકોત્સવ તા. ૧૦મી જાન્યુઆરીના રોજ ઉજવવામાં આવનાર છે.

ધી ગાંધીનગર માજી સૈનિક કલ્યાણ મંડળે તારીખ ૧૦-૧-૨૦૧૬ રવિવારના રોજ રંગમંચ, સે-૧૬, ગાંધીનગર ખાતે બ્રિગેડીયર જે.પી. અંકલેસરીયા વીએસએમ (નિવૃત્ત)ની અધ્યક્ષતામાં ૨૯મો વાર્ષિકોત્સવ ઉજવવાનું આયોજન કરેલ છે. આ કાર્યક્રમમાં પૂર્વ સૈનિકોને લગતા પ્રશ્નોની છણાવટ, શહીદ જવાનોની વિધવાઓ અને દિવંગત પૂર્વ સેનિકોની વિધવાઓ તથા વરિષ્ટ ભૂતપૂર્વ સૈનિકો (૭૫ વર્ષથી ઉપરવા)નું સન્માન તેમજ પૂર્વ સૈનિકોના તેજસ્વી બાળકોને ઈનામ વિતરણ કરવામાં આવશે. તો આ કાર્યક્રમમાં મંડળના પૂર્વ સૈનિકના સભ્યોને પરિવાર સાથે હાજર રહેવા પ્રમુખ મધુ પી. નાયરે જણાવેલ છે.

## અવસાન નોંધ

સ્વ. દક્ષાબેન અશોકકુમાર ઠાકરનું બેસણું આજે ૯ થી ૧૨ કલાકે રાધાક્રિષ્ણ મંદિર પાલજ ખાતે યોજાશે.

## વાતવાતમાં

● ઈન્દ્રોડા પ્રાથમિક શાળાના નિવૃત્ત શિક્ષિકા કુમુદબેન મહેન્દ્રભાઈ ત્રિવેદી નિવૃત્ત થયા હોવા છતાં હજુ પણ શાળામાં બાળકોને ભણાવવા જાય છે. ગુણોત્સવ તથા આગામી પરીક્ષાઓને ધ્યાનમાં રાખીને તેઓ પોતાની સેવાઓ હજુ આપી રહ્યાં છે.

● ગાંધીનગરમાં સત્યાગ્રહ છાવણી ખાતે પાટીદાર નેતા હાર્દિક પટેલના પિતા ઉપવાસ ધરણાં કરવાના છે તેવી માહિતિના આધારે પોલીસ તંત્ર સચેત થઈ ગયું હતું અને સઘન બંદોબસ્તની તૈયારીઓ હાથ ધરાઈ હતી. જો કે હાર્દિક પટેલના પિતા તો તેમના ખેતરમાં કપાસ વાઢી રહ્યાં હોવાની પુષ્ટિ થતા પોલીસે રાહતનો દમ લીધો હતો.

● સે-૨માં વાંદરાએ ધમાલ મચાવી હતી જેના કારણે એક આધેડ મહિલાએ વાંદરાને લાકડી બતાવી ભગાડવા પ્રયાસ કર્યો હતો જે કે ચતુર વાંદરાએ મહિલાના હાથમાંથી લાકડી જ ખૂંચવી લઈ ભાગી જતા મહિલા અવાક્ થઈ જવા પામી હતી.

● દિપ કેપીટલ સર્વિસીઝ પ્રા. લિ.ના ઓથા હેઠળ ચાલતી જય ખોડિયાર મિત્ર મંડળ નામની કંપની દ્વારા વિવિધ લોભામણી સ્કીમો થકી રાજયભરમાં કરોડોનું ફુલેકુ ફેરવવામાં આવ્યું છે. આ સ્કીમમાં ભોગ બનેલા નાગરિકો તથા એજન્ટો એ તેમની ફરિયાદ પોલીસ ભવન ખાતેના ફ્રોડ સેલમાં આપવા પોલીસ તંત્ર દ્વારા જણાવાયું છે.

● મહેસાણા નજીકના અંબાસણ ખાતે અન્નપૂર્ણા માતાજી મંદિરે ૨૧ દિવસનો મેળો સંપન્ન થયો છે. આ મેળામાં નગરના અનેક શ્રધ્ધાળુએ દર્શનનો લાભ ઉઠાવ્યો હતો.

- સમીર રામી,
મો. ૯૯૨૪૪૪૬૬૪૫

## એસ.જી. ઈંગ્લિશ મિડિયમ સ્કૂલમાં પતંગનું તોરણ બનાવવાની સ્પર્ધા યોજાઈ

મકરસંક્રાંતિનો સમય નજીક આવી રહ્યો છે. જે સંદર્ભે એસ.જી. ઈંગ્લિશ મિડિયમ પ્રાયમરી સ્કૂલમાં પતંગ તોરણ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધા ધોરણ ૫ થી ૮ના વિદ્યાર્થીઓ માટે આયોજિત કરવામાં આવી હતી. શાળાના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં દરેક ધોરણના વિદ્યાર્થીઓએ રંગીન કાગળોમાંથી પતંગ બનાવ્યા હતા અને તેમાંથી આકર્ષિત પતંગ તોરણ તૈયાર કર્યા હતા. દરેક વર્ગમાંથી પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર આપી વિદ્યાર્થીઓની કૌશલ્ય શકિતને બિરદાવવામાં આવી હતી. વિદ્યાર્થીઓ દ્વારા બનાવેલા તોરણોને વર્ગમાં લગાવી વર્ગ શણગારવામાં આવ્યા હતા. આમ શાળામાં મકરસંક્રાંતિની ઉજવણી કરવામાં આવી હતી.

# મોટી આદરજમાં વરલી મટકાનો જુગાર રમાડતો શખ્સ પકડાયો

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર નજીક મોટી આદરજ ગામના બસ સ્ટેન્ડ પાછળ ખુલ્લેઆમ વરલી મટકાનો જુગાર રમાડાઈ રહ્યો હોવાની બાતમીને આધારે પેથાપુર પોલીસે દરોડો પાડી વરલી મટકાના આંક લખી રહેલા શખ્સને પકડી પાડયો હતો. જયારે બીજો આરોપી ફરાર થઈ ગયો હતો. પેથાપુર પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

મોટી આદરજ ગામના બસ સ્ટેન્ડની પાછળ એક ગલ્લા પાસે ખુલ્લેઆમ વરલી મટકાનો જુગાર રમાડાઈ રહ્યો હતો. આ બાતમી પેથાપુર પીએસઆઈ ડી.બી. વાળાને મળતાં તેમની ટીમે આજે સવારે દરોડો પાડયો હતો. વરલી મટકાના આંકના સાહીત્ય તથા રોકડ રૂ. ૨૬૦ સાથે મોટી આદરજ ગામનાં દશરથ ગફુર ઠાકોરની ધરપકડ કરી પોલીસે તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે જયારે બીજો સાગરીત ગોરધન ડાહ્યા ઠાકોર ભાગી છુટતા તેની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

**બસ સ્ટેન્ડ પાછળ ખુલ્લામાં વરલી મટકાના આંકડા લખતા હતા : એક આરોપી ફરાર**

# પાલજ ખાતે એન.એસ.એસ. કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૬

શ્રીમતી આર.જી. પટેલ કન્યા શાળા તથા શ્રીમતી એસ.બી. પટેલ કન્યા શાળાના સંયુકત ઉપક્રમે તાજેતરમાં





પાલજ ખાતે એન.એસ.એસ. કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં શાળાના વિદ્યાર્થીઓએ બેટી બચાવો અને સ્વચ્છતા અભિયાન વિષય ઉપર નાટક રજૂ કર્યું હતું. આ ઉપરાંત કેમ્પ દ્વારા ગામમાં સ્વચ્છતા અભિયાન, ભીંત ચિત્રો, શાળામાં વિવિધ પ્રકારે હરિફાઈ, શિસ્ત, નિયમિતતા વગેરે ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

એન.એસ.એસ. કેમ્પમાં કડી સર્વ વિશ્વ વિદ્યાલયના કેમ્પસ ડાયરેકટર ડૉ. સોમાભાઈ પટેલ, અશ્વિનભાઈ પટેલ સ્પોર્ટસ ઓફીસર રણછોડ રથવી, ગામના સરપંચ, શાળાના આચાર્યા તથા શાળા પરીવાર હાજર રહ્યું હતું. કેમ્પના પૂર્ણાહુતી કાર્યક્રમમાં શાળાના આચાર્યા સુધાબેને એન.એસ.એસ.નું મહત્વ અને સ્વચ્છતા વિષય ઉપર અસરકારક વકતવ્ય આપ્યું હતું. શાળાની એન.એસ.એસ.ની વિદ્યાર્થીનીઓએ કેમ્પસમાં ખુબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો તથા પાલજ ગ્રામ પંચાયત શાળાના બાળકોને ઈનામ વિતરણ પણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ.કેમ્પના પ્રોગ્રામ ઓફીસર પ્રિતીબેન શુકલાએ કર્યું હતું.

# સે-૨૮ જીઆઈડીસીમાં ટાઈલ્સની ફેક્ટરી પર એસઓજીનો દરોડો

## પર પ્રાંતિય મજુરોનું રજીસ્ટર નિભાવ્યું હોવાનું ધ્યાને આવતા માલીક સામે ગુનો દાખલ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર એસ.ઓ.જી.ની ટીમે સેકટર-૨૮ જીઆઈડીસી ખાતે પ્લોટ નં. ૯૦૨/૧૬માં ચાલતા ટાઈલ્સની ફેકટરીમાં દરોડો પાડયો હતો. ફેકટરીમાં કામ કરતા દશ જેટલા પર પ્રાંતિય મજુરો અંગે સ્થાનિક પોલીસમાં જાણ પણ કરી ન હતી અને તેમનું રજીસ્ટર પણ નિભાવ્યું ન હોવાનું ધ્યાને આવતા જિલ્લા કલેકટરનાં જાહેરનામા ભંગ બદલ આઈપીસી કલમ ૧૮૮ હેઠળ ફેકટરી માલીક પ્રવિણભાઈ ચુનીલાલ પટેલ સામે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઘ-૪ બસ સ્ટન્ડ પાસેથી વધુ એક રોમીયો ઝડપાયો

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરની સેકટર-૨૧ પોલીસ મથકની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે ઘ-૪ પાસેથી પસાર થતી વખતે બસ સ્ટેન્ડ પાસેથી એક રોમીયો પકડાયો હતો. પોલીસ પેટ્રોલીંગમાં નીકળી ત્યારે ઘ-૪ બસ સ્ટેન્ડ પાસે ઉભો ઉભો એક ગોકુળપુરાનો શખ્સ ત્યાંથી અવરજવર કરતી યુવતીઓ સાથે અશ્લિન ચેનચાળા કરતા ઝડપાઈ ગયો હતો. આઈપીસી કલમ ૧૧૦, ૧૧૭ હેઠળ અલીખાન બલોચ નામના શખ્સની ધરપકડ કરી લઈને સે-૨૧ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**રસ્તે અવરજવર કરતી યુવતીઓ સાથે અશ્લિલ ચેનચાળા કરતો હતો**

# ઉત્તરાયણ ઢૂકડી છતાં પતંગ બજારના ઠેકાણા નથી

## હજુ સુધી પતંગ-દોરીના સ્ટોલ્સ માટે લાયસન્સ ફાળવાયા ના હોવાથી વેપારીઓ અવઢવમાં : ઉત્તરાયણ આડે માત્ર ગણતરીના દિવસો બાકી : ગત વર્ષે પણ વાઈબ્રન્ટ સમિટના કારણે લાયસન્સ ઈશ્યુ કરવામાં મોડુ કરાયું હતું

ગાંધીનગર, તા.૬

ઉત્તરાયણ પર્વને માત્ર ગણતરીના દિવસો બાકી છે પરંતુ ગાંધીનગરમાં હજુ સુધી પતંગ બજાર અનિશ્ચિતતાઓમાં અટવાયું છે. તંત્ર દ્વારા પતંગ બજાર માટેના લાયસન્સ ઈશ્યુ કરાયા નથી કે સ્ટોલની ફાળવણી કરવામાં નથી આવી. આ કારણે નગરજનોને છુટા છવાયા પતંગ વિતરકોને મોં માંગ્યા ભાવ ચુકવવા પડી રહ્યાં છે અથવા પતંગ-દોરી ખરીદવા અમદાવાદ સુધી લાંબા થવું પડી રહ્યું છે.

આગામી તા. ૧૪મી જાન્યુઆરીએ શહેરમાં ઉત્તરાયણનું પર્વ ખૂબ જ ધામધૂમથી ઉજવાશે. ગાંધીનગરના યુવાનો અને બાળકો માટે આ પર્વ પસંદગીનું પર્વ છે અને છેલ્લા ૧૫-૨૦ દિવસથી પતંગ ઉડાડવાનું તેમણે ચાલુ કરી દીધું છે. નગરમાં ઉત્તરાયણ અને વાસી ઉત્તરાયણ એમ બે દિવસ માટે આ પર્વ ઉજવાય છે જો કે આ વર્ષે પાછળ શનિ રવિની રજા પણ આવતી હોઈ આ ઉજવણી વધુ દિવસ લંબાય તેવી શકયતાઓ રહેલી છે. આ કારણે આ વર્ષે પતંગ દોરીની માંગમાં પણ વધાર જોવા મળી રહ્યો છે. મોટે ભાગે પતંગ રસિકો ઉત્તરાયણના ૧૦-૧૫ દિવસ અગાઉથી ઉજવણી માટેનું પ્લાનીંગ હાથ ધરી કેવા પતંગ ખરીદવા, કેટલા પતંગ ખરીદવા, કેવો માંજો બનાવડાવવો અથવા માંજો તૈયાર ખરીદવો વગેરે નિર્ણયો લઈ તે મુજબ ખરીદી હાથ ધરતા હોય છે. દર વર્ષે નગરમાં વિવિધ જગ્યાઓ જેવી કે સે-૨૧, સે-૨૪, સે-૭ અન સે-૬ ખાતે પતંગ બજાર માટે તંત્ર દ્વારા લાયસન્સ આપી સ્ટોલ ફાળવવામાં આવે છે. ગત વર્ષે વાઈબ્રન્ટ સમિટ યોજાવાની હોઈ સુરક્ષાના કારણોસર આ પ્રકારના લાયસન્સ ઈશ્યુ કરવામાં ખૂબ મોડું કરવામાં આવ્યું હતું. જેના કારણે પતંગ વિતરકોને માત્ર છેલ્લા



૨-૩ દિવસ જ વેપાર કરવાની તક મળી હતી. જો કે આ વર્ષે આવી કોઈ જ અડચણ ના હોવા છતાં હજુ સુધી પતંગ બજાર માટેના લાયસન્સ ઈશ્યુ કરવામાં ના આવ્યા હોઈ પતંગ વિતરકો અવઢવમાં મુકાયા છે.

પતંગ બજારના લાયસન્સ ઈશ્યુ કરવામાં તંત્રની અનિશ્ચિતતા અને અનિર્ણાયત્મકતાને કારણે પતંગ દોરીના વેપારીઓને ગત વર્ષે પણ આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો હતો અને આ વર્ષે પણ ફરી એજ પરિસ્થિતિનું નિર્માણ થતું દેખાઈ રહ્યું છે. આ કારણે વિક્રેતાઓ ચિંતાતુર બન્યા છે અને તંત્રની ઢીલી નીતિ પ્રત્યે રોષ પ્રગટ કરી રહ્યાં છે. આ સાથે પતંગ રસિકોને પણ ઉત્તરાયણ માટે પતંગ-દોરીની ખરીદી કરવામાં મુશ્કેલી પડી રહી છે. હાલ શહેરમાં આ પ્રવર્તમાન સ્થિતિના કારણે છુડા છવાયા પતંગ વિતરકો ગ્રાહકોની મજબૂરીનો લાભ ઉઠાવી મોટો નફો રળી રહ્યાં છે. પતંગ રસિકો પણ આ વેપારીઓ પાસે ના છૂટકે ખરીદી કરી રહ્યાં છે. જો કે કેટલાક પતંગ રસિકોએ આ પરિસ્થિતિમાં અમદાવાદ ખાતેથી ખરીદી કરવાનું મુનાસિબ માન્યું છે જે પણ ઘણું અગવડભર્યું સાબિત થઈ રહ્યું છે. ઘણા ગ્રાહકો પતંગ બજારના સ્ટોલ્સ જયાં જયાં ઉભા કરવામાં આવે છે તેવા સ્થળો જેવા કે સે-૨૧માં ડિસ્ટ્રીકટ શોપીંગ સેન્ટરની બાજુમાં, સે-૬ના મેદાનમાં, સે-૨૪ના અને સે-૭ના શાકમાર્કેટ પાસેના વિસ્તારમાં પતંગના સ્ટોલ ઉભા થયા કે નહી તેની તપાસ કરવા ધક્કા ખાઈ રહ્યા છે.

શહેરમાં પતંગ રસિકો દ્વારા અત્યારથી ઉત્તરાયણની ઉજવણીનો પ્રારંભ કરી દેવાયો હોઈ સતત પતંગ-દોરી અને તેને સંલગ્ન ચીજવસ્તુની માંગમાં વધારો થયેલ છે. સત્વરે તંત્ર દ્વારા પતંગ બજારના સ્ટોલ્સ માટેના લાયસન્સ ઈશ્યુ કરવામાં આવે જેથી વેપારીઓને પણ ધંધો કરવા માટ પૂરતો સમય મળે અને ગ્રાહકોને છેલ્લી ઘડીની ભીડમાં વધુ પડતા ભાવ ના ચુકવવા પડે અને પસંદગીની ખરીદી કરી શકાય તેવી માંગ શહેરમાં બળવત્તર બનતી જાય છે.

# પોદાર જમ્બો કીડસનું જોય ઓફ ગીવિંગ



ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં આવેલ પોદાર ઈન્ટરનેશનલ સ્કુલના જમ્બો કીડસ દ્વારા તા. ૩૧મી ડીસેમ્બરે 'જોય ઓફ ગીવિંગ' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં બાળકોએ દાનમાં ઉઘરાવવામાં આવેલ ભેટ સોગાદોને કુડાસણ ગામની આંગણવાડીઓના જરૂરિયાતમંદ બાળકોને વહેંચી હતી. પોદાર જમ્બો કીડસના આચાર્યા રિચા ટંડને જણાવ્યું હતું કે આ કાર્યક્રમમાં દાન ભાવનાથી બાળકોના ચહેરા પર અનોખી ખુશી જોવા મળી હતી.

## ચિરવિદાય

- સ્વ. જડીબેન કાનાજી ઠાકોર, ઉ.વ.૮૦
- સ્વ. જલુજી અધરુજી સોલંકી, ઉ.વ.૭૫